અમદાવાદની શ્રી વિસાશ્રીમાળી શ્રાવકની ન્યાતના ધારા.

પ્રસિદ્ધ કરનાર ન્યાત તરફથી,

શેઠ સાંકળચંદ મોહોલાલ.

અમદાવાદ.

આવૃત્તિ ૧લી. પ્રત ૨૦૦૦.

અમદાવાદ

શ્રી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સં. ૧૯૬૮. સને ૧૯૧૨.

મૂલ્ય અમૂલ્ય.

અમદાવાદની શ્રી વિસાશ્રીમાળી શ્રાવકની ન્યાતના ધારા.

પ્રસિદ્ધ કરનાર ન્યાત તરફથી,

શેઠ સાંકળચંદ મોહોલાલ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સં. ૧૯૬૮. સને ૧૯૧૨.

અમદાવાદની વીશાશ્રીમાળી શ્રાવકની ન્યાતના ધારા પ્રથમ બાંધેલા છે તેમાં કેટલોક સુધારો વધારો કરી સંવત ૧૯૬૮ ના ભાદરવા વદ ૨ ના રોજ તમામ ન્યાતે મળી નીચે મુજબ ઠરાવ કર્યા છે.

બાબ ૧ લો.

વીવાહ સંબંધી.

૧. ન્યાતમાં વીવાહના ચાંલ્લા થાય છે તે ન્યાતના જોશીના હાથે કરાવવા, બીજાને હાથે કરાવે તો તે મંજુર ગણાશે નહિ.

૨. વીવાહના ચાંલ્લા થતી વખતે એક ચીઠી લખવી તેમાં વરનું તથા કન્યાનું તથા બંનેના બાપનાં નામ લખવાં તથા પલ્લા-પહેરામણીનો આંક તથા ચાંલ્લા કર્યાની તારીખ લખવી અને વર તથા કન્યાવાળાએ તે ચીઠીમાં સહીઓ કરવી અને તે ચીઠી ન્યાતના જોશીને ન્યાતમાં નોંધ કરાવવા આપવી તથા વીવાહ કર્યા સંબંધી બીજી બે ચીઠીઓ જોશીને હાથે લખાવવી અને તે પૈકી વરવાળાને તથા કન્યાવાળાને એકેક ચીઠી આપવી.

૩. અમદાવાદનો કોઈ રહીશ બહારગામ જઇ પોતાનો અથવા પોતાના દીકરાનો અગર દીકરીનો વીવાહ તે ગામના રીવાજ મુજબ તે ગામમાં કરે તે મંજુર ગણાશે, પણ તેણે અમદા-વાદમાં ન્યાત વીગેરેનો જે જે લાગો આપવાનો હશે તે આપવો પડશે એટલે વીવાહ કરીને આવ્યા પછી તરતજ આપવો પડશે અને લાગો નહિ આપે તો તેની સાથે આપણી ન્યાતે વ્યવ-હાર રાખવો નહિ.

૪. વીવાહ કરતી વખતે જે ચીઠીઓ લખવાની તેમાં છેલ્લી હદે પહેરામણીના રૂ. ૬૫૧) સુધી મોળા લખવા તથા પલ્લુ છેલ્લી હદે રૂ. ૮૧૩) સુધીનું લખવું. તે સિવાય હરકોઈ પ્રકારે વર-

વાળાએ તથા કન્યાવાળાએ વધારે લેવા આપવાનો ઠરાવ કરવો નહિ. મોળા રૂ. ૬૫૧) ના ખરા રૂ. ૬૦૧) સમજવા.

૫. વીવાહ કરતી વખતે અગર તે પહેલાં પહેરામણી સંબંધમાં પહેરી બેસાડવાનો અગર ગોરવ સંબંધીનો અગર બીજી કોઇ પણ રીતનો ધારા વિરૂદ્ધ લેવા આપવાનો કાંઈ પણ બંદોબસ્ત કરવો કરાવવો નહિ. આ ઠરાવ વિરૂદ્ધ વર્તનાર પાસેથી તેણે જેટલી રકમ વધારે લીધી હશે યા લેવરાવી હશે તેટલી રકમ ન્યાતમાં લેવામાં આવશે અને તે ઉપરાંત રૂ. ૧૦૦૦) સુધીના દંડને પાત્ર તે માણસ થશે; અગર તેને ન્યાતના વ્યવહારથી દૂર કરવામાં આવશે, અગર બન્ને શિક્ષાને તે એકી વખતે પાત્ર થશે અને આ ધારા વિરૂદ્ધ ચાલી જે કોઈ કન્યાવાળો કાંઈ પણ પહેરામણી વીગેરે વધારે આપશે યા બીજો કોઇ બંદોબસ્ત કરશે તો તેને માટે ન્યાતની નજરમાં આવે એવો ઠરાવ કરવામાં આવશે. અને જે કોઇ શખસ આ ધારા વિરૂદ્ધ વર્તવામાં વરવાળા તરફથી યા કન્યાવાળા તરફથી સામેલ રહેશે અગર મદદગારી કરશે તે ન્યાતનો ગુન્હેગાર ગણાશે ને રૂ. ૫૦૦) સુધીના દંડને પાત્ર તે થશે.

૬. જે માણુસો ગામડાના અમદાવાદમાં રહે છે તથા રહેવા આવશે તે માણુસ કે જેને ન્યાતનો લાગો ભરવાનો છે તે માણુસોએ પહેરામણીના છેલ્લી હદે રૂ. ૩૦૧) સુધી લેવાનો ઠરાવ કરવો અને ચીઠીમાં રૂ. ૩૦૧) સુધી લખવા અને પલ્લુ છેલ્લી હદે રૂ. ૭૦૧) સુધી કરવું અને તે પ્રમાણે ચીઠીમાં લખવું. તે સિવાય વધારે લેવા આપવાનો ઠરાવ કરવો નહિ. આ ઠરાવ વિરૂદ્ધ જે કોઇ ચાલશે અગર તેમાં સામેલ રહેશે તે ઉપર કલમ ૫) માં લખ્યા મુજબના ગુન્હાને પાત્ર થશે.

૭. વિવાહમાં પૈસા કે નાળીએર વહેંચવા નહિ તેમ વરવાળા પાસેથી કન્યાવાળાએ કાંઈ પણ લેવું નહિ. જોશી વીગેરેનો લાગો હમેશના રીવાજ મુજબ વર તથા કન્યાવાળા પાસેથી લેવાય છે તે મુજબ લેવો.

૮. વીવાહ કર્યા પછી જમાઇ અગર કન્યાને પહેલવહેલાં અરસપરસ તેડે ત્યારે કન્યાવાળાએ જમાઇને રૂ. ૨) રોકડા તથા રૂ. ૧) નું મીઠાઇનું ડોગલું આપવું અને વરવાળાએ કન્યાને રૂ. ૧) રોકડો તથા રૂ. ૧) નું મીઠાઈનું ડોગલું આપવું. તે સિવાય વરકન્યા પરણુતા સુધીમાં વરવાળાને ત્યાં અગર કન્યાવાળાને ત્યાં ધર્મ પ્રસંગનું અગર લગ્નનું અગર બીજું ટાણું આવે તો તેવે પ્રસંગે કન્યાવાળો પોતાના જમાઇને તેમજ વરવાળો કન્યાને રૂ. ૧૫) પંદર સુધીની કોઈ પણ ચીજ પોતાની ખુશી હોય તો આપે, તેમજ જાત્રાએ જતી વખતે અને જાત્રા કરીને આવેથી રૂ. ૫) સુધીની કોઇ પણ ચીજ પોતાની ખુશી હોય તો આપે, તે ઉપરાંત કોઈ આપે લે નહિ. દીવાળીમાં ખાવાનું આપવું લેવું, પણ રોકડા રૂપીઆ અગર જણુસ અગર લુગડાં કાંઇ પણ આપવું નહિ. આ ધારાથી વિરૂદ્ધ ચાલનાર એટલે આપનાર તથા લેનાર બંને રૂ. ૨૫૦) અંકે બસેં પચાસ સુધીની ગુન્હેગારીને પાત્ર થશે.

૯. વીવાહ કરવામાં જોશી અગર ન્યાતવાળો કોઇ વચમાંથી ખાઈ જાય તો તેની પાસેથી રૂ. ૧) કે રૂ. ૨) મુજબ ગુન્હેગારીના લેવા તથા તેવા માણસને ન્યાતના વહેવારથી દૂર કરવા ન્યાત મુખત્યાર છે.

૧૦. સમુરતાંની સુખડીમાં છેલ્લી હદ્દે રૂ. ૪) અંકે ચાર કન્યાવાળાએ આપવા. સમુરતામાં સાથે આવનારને ચાર શ્રીફળ અથવા ચાર ટકાથી વધારે આપવા નહિ અને સમુરતાનું કહેવા જનારને ટકા ચાર સુધી આપવા.

૧૧. ગામડાવાળાને સમુરતાની સુખડીના રૂ. ૨) સુધી આપવા.

૧૨. વરવાળો મ્હોં જોવા જાય ત્યારે રૂ. ૫) આપે ને તેમાં કન્યાવાળો રૂ. ૪) સુધી ઉમેરી મ્હોં જોઇ આવે. મોંજોયણામાં સાથે જનાર તથા મોંજોયણાનું કહેવા જનારને ટકા ચાર સુધી આપવા. આથી વિરૂદ્ધ વર્તનાર, આપનાર અગર લેનાર બંને રૂ. ૫૧) સુધીના દંડને પાત્ર થશે.

૧૩. વરનો બાપ તથા વરની મા વીગેરે કન્યાવાળાને ત્યાં જાય ત્યારે કન્યાવાળાએ વરના બાપને તથા વરના બાપના બાપને છેલ્લી હદે રૂ. ૯) સુધી આપવા અને વરની માને તથા વરના બાપની માને છેલ્લી હદે રૂ. ૭) સુધી આપવા. વરના બીજા સગાને રૂ. ૧) થી રૂ. ૫) સુધી આપવા.

૧૪. ગામઠાવાળા વરના બાપને તથા વરના બાપના બાપને રૂ. ૭) સુધી આપવા અને વરની માને તથા વરના બાપની માને રૂ. ૫) સુધી આપવા ને બીજાં સગાંઓને રૂ. ૧) થી રૂ. ૪) સુધી આપવા.

૧૫. વરવાળાને ત્યાંથી કન્યાવાળાને ત્યાં સાડી પહેરવા જાય તેમાં જેટલા રૂપીયા પહેરામણીના માંડયા હોય તેના દરસેંકડે રૂ. ૫) મુજબ જેટલા રૂપીઆ થાય તેટલા રૂપીયા સાડી બદલના કન્યાવાળાએ વરવાળાને આપવા. કાંઈ લુંગડું આપવું લેવું નહિ. વરના બાપને બે સ્ત્રીઓ હોય અને તે બંને સાડી પહેરવા જાય તોપણ ઉપર મુજબ રૂપીયા બંને વચ્ચે વહેંચી આપવા. સાડી પહેરવા આવનારની સાથે જે આવ્યું હોય તેને રૂ. ૨) કન્યાવાળાએ આપવા; કન્યાવાળાને ત્યાંથી વરવાળાને ત્યાં સાડી પહેરવા જવાનું કહેવા જનારને વરવાળાએ રૂ. ૨) આપવા.

૧૬. ગામડાવાળાને સાડીના રૂ. ૨૧) આપવા.

૧૭. ખાંડ કંકુ મુકવાની બાબતમાં છેલ્લી હદે ખાંડ શેર ૧૦) અને રૂ. ૪) રોકડા લેઇ કન્યાવાળાએ વરવાળાને ત્યાં જવું અને વરવાળાએ સોપારી મણ ૧।।। આપવી. જો ખાંડ શેર ૫।) મુકે તો તેની સાથે રૂ. ૨) આપવા, અને વરવાળાએ સોપારી મણ ०।।। ૫ શેર આપવી. ઉપર પ્રમાણે જણાવ્યા કરતાં કોઇએ વધારે ખાંડ મુકવી નહિ. આ ધારા વિરૂદ્ધ ચાલનાર સખસ રૂ. ૫૧) સુધીના દંડના પાત્ર થશે.

૧૮. ગામડાવાળાને ત્યાં છેલ્લી હદે ખાંડ શેર ૫।) મુકવી ને તેની સાથે રૂ. ૨) આપવા ને સોપારી મણ ०।।। ૫ શેર આપવી. આ ધારા વિરૂદ્ધ ચાલનાર સખસ રૂ. ૫૧) સુધીના દંડને પાત્ર થશે.

૧૯. ગામડાના વરના વીવાહ કરવામાં જોશી ન્યાતની દસ્તુરીના રૂપીઆ લીધા સિવાય બારોબાર વીવાહ કરે અને જોશી એ વાત છુપાવે તો માલૂમ પડેથી રૂ. ૫૧ સુધી ગુન્હેગારીના તેની પાસેથી લેવા, તે ઉપરાંત રૂ. ૧૨) દસ્તુરીના તથા રૂ ૧૦) પાઘડીના મળી રૂ. ૨૨) નો લાગો છે તે રૂપીઆ જોશી મહાલક્ષ્મીમાં આપે તે ઉપરાંત તે જોશીને વરતાથી દૂર કરવા ન્યાત મુખત્યાર છે.

૨૦. આપણી અમદાવાદની ન્યાતની કન્યા રાધનપુર તથા પાલણપુર તથા થરાદમાં અપાતી લેવાતી નથી તેમ છતાં કોઈ આપશે યા લેશે તો તે ન્યાતના ગુન્હેગાર થશે.

૨૧. બહારગામ જાન જવાની હોય તો વરવાળો જોશી શીવશંકરને ત્યાં લગ્ન લેવા જાય, તે વખતે લગ્નના રૂપીઆ જોશી શીવશંકરને ત્યાં ભરે અને તે જોશી શીવશંકરે લેઇ ન્યાતમાં ભરવા.

બાબ ૨ જો.

લગ્ન સંબંધી.

૧. વરવાળાને ત્યાં કન્યાવાળાને ત્યાંથી લગનીઆ જમવા જાય છે તે પંદર માણસ સુધી જાય તેથી વધારે જાય નહિ ને વરવાળો દરેક લગનીઆને એક એક શ્રીફળ અગર એક એક ટકો આપે.

૨. વરઘોડામાં વરનો એકજ ઘોડો કરવો. બીજો કોઇ સાબેલાનો ઘોડો કરવો નહિ અને બગીઓ છેલ્લી હદે સાત સુધી લાવવી તેથી વધારે લાવવી નહિ. વરઘોડામાં બૈરાંએ પોતાની પોળ સુધી પાછળ જવું. આ ધારાથી વિરૂદ્ધ વર્તનાર રૂ. ૫૧) સુધીની ગુન્હેગારીને પાત્ર થશે.

૩. પંથવર પરણવા જાય ત્યારે કન્યાવાળાએ પહેરામણીના દર સેંકડે રૂ. ૮) મુજબ શ્રીફળ બદલ વરવાળાને આપવા. તેમાંથી દર સેંકડે રૂ. ૬) મુજબ પ્રથમ આપવા, ને બૈરાં આવેથી બાકીના સેંકડે

રૂ. ૨) મુજબ આપવા; કન્યાવાળો વરવાળાને બૈરાં તેડાવવાનું કહ્યા છતાં બૈરાં ના તેડાવે તો રૂ. ૨) મુજબ આપવા નહિ, તેમજ કન્યાવાળો વરવાળાને બૈરાં તેડાવવાનું કહે નહિ તો ઉપર મુજબ સેંકડે રૂ. ૮) મુજબ કન્યાવાળો વરવાળાને આપે અને બૈરાં નથી આવ્યાં તેવી તકરાર કન્યાવાળાથી લેવાશે નહિ.

૪. બીજવર હોય તો પહેરામણી માંડી હોય તેના દરસેંકડે રૂ.૪) મુજબ કન્યાવાળાએ વરવાળાને શ્રીફળ બદલ આપવા. બૈરાં આવે યા ના આવે તોપણ સેંકડે રૂ. ૪) મુજબ આપવા.

૫. વરવાળાએ વરઘોડામાં આવેલા માણસોને શ્રીફળ અગર ટકા બેથી વધારે આપવા નહિ. વરઘોડામાં નહિ આવેલા માણસોના માંગ્યા પૈસા કે શ્રીફળ આપવા નહિ, તેમજ કન્યાવાળાએ પરણાવ્યાના બેથી વધારે શ્રીફળ અગર ટકા કોઇને આપવા નહિ. વરવાળાએ તથા કન્યાવાળાએ પોતાના જમાઇને શ્રીફળ બદલ રૂ. ૧) સુધી આપવો, ને જમાઇની સાથે આવેલા માણસોને શ્રીફળ અગર ટકા બે સુધી આપવા; કુટુંબના બીજા જમાઇઓને શ્રીફળ અગર ટકા પાંચથી વધારે આપવા નહિ.

૬. વરવાળાને ત્યાંથી બૈરાં કન્યાવાળાને ત્યાં જાય ત્યારે વરવાળા તરફથી જેટલા રૂપીઆ કન્યાવાળાને અંગુઠો ચંપામણીના આપે તેમાં રૂ. ૪) ઉમેરી કન્યાવાળો તોરણ સાડીના વરવાળાને આપે. ગામડાવાળાને રૂ. ૨) ઉમેરી તોરણ સાડીના કન્યાવાળો આપે.

૭. પરણુતી વખતે ચોરીમાં કન્યાવાળાને રૂ. ૨) લુણ ઉતરામણીના વરવાળાએ આપવા અને વરના મેહેતાને રૂ. ૧) કન્યાવાળાએ આપવો અને વરવાળાએ કન્યાવાળાને રૂ. ૧) પગરખીનો આપવો; ચોરીમાં વરવાળાએ કન્યાવાળાને રૂ. ૭) ઘાઘરા બદલ રોકડા આપવા તેથી વધારે આપવા નહિ, અને ઘાઘરો આપવો હોય તો રૂ. ૧૫) સુધીની કીંમતનો આપવો; ચોરીમાં છેડો ઝલામણી કન્યાવાળો વરને પોતાની મરજી મુજબ આપે પરંતુ

કન્યાવાળો ના આપે તો વરવાળાએ કોઈ પણ રીતનું દબાણ કરવું નહિ.

૮. છાબમાં છેલ્લી હદે ટકા ૧૦૧) સુધી કન્યાવાળાએ આપવા. ગામડાવાળાને છેલ્લી હદે ટકા ૭૧) સુધી છાબમાં આપવા. વરવાળા તરફથી પરણાવવા રહેનાર માણસોને કન્યાવાળાએ વેવાઈ વેવાણ સુદ્ધાંત દરેકને એક એક શ્રીફળ અગર એક એક ટકો આપવો.

૯. વર કન્યા પરણી ઉતર્યા પછી ઘેર જતી વખતે વરવાળા તરફથી કન્યાને આણું કરવા જાય તે આણું કરવા જનારને કન્યાવાળાએ રૂ. ૧) સુધી આપવો, તેમજ કન્યાવાળાને ત્યાંથી કાંચળી બદલાવવા વરવાળાને ત્યાં જાય તેને વરવાળાએ રૂ. ૧) સુધી આપવો. તે સિવાય બીજી કોઈ બાબતમાં વરવાળાએ અથવા કન્યાવાળાએ કાંઇ પણ આપવું નહિ.

૧૦. વર કન્યા પરણીને જતી વખતે તથા વિદાયગીરી લેઇને જતી વખતે બૈરાંઓએ ચૌટામાં થઇને જવું નહિ.

૧૧. વરવાળાને ત્યાં તથા કન્યાવાળાને ત્યાં લગ્નના પ્રસંગમાં ગવરાવે છે તેમાં ગાવા આવનાર દરેક બૈરાંને છેલ્લી હદે ખાંડનાં બે રમકડાં આપવાં તેથી કોઇને વધારે આપવું નહિ.

૧૨. કન્યાવાળાને ત્યાંથી વરવાળાને ત્યાં આંગુ મુકવા જાય ત્યારે કન્યાવાળાએ જેટલા રૂપીઆ શ્રીફળ બદલ આપ્યા હોય તેને ચોથે હીસ્સે વરવાળાએ કન્યાવાળાને શ્રીફળ બદલ આપવા અને કન્યાવાળાને તેથી વધારે વહેંચવા હોય તો કન્યાવાળો પોતાના ઘરના વહેંચે; કન્યાવાળાએ પોતાની તરફના આવનાર દરેક બૈરાંને શ્રીફળ અગર ટકા બે સુધી આપવા તેથી વધારે આપવા નહિ, તેમજ કોઈના માગ્યા આપવા નહિ. આંગામાં કન્યાવાળા તરફથી ગોળો ઝાલનારને વરવાળાએ રૂ. ૧) સુધી આપવો. બીજા કોઇને ઉપર લખ્યા મુજબ બે શ્રીફળ અગર બે ટકાથી વધારે આપવું નહિ.

૧૩. લગ્ન થયા પછી એટલે વરકન્યા પરણ્યા પછી ગોરવ દેવામાં આવે છે તેમાં બે પંચવલાં પંદર પંદર માણુસ સુધીનાં કન્યાવાળાએ વરવાળાને જમાડવાં, અને એકજ ગોરવ છેલ્લી હદે માણુસ ૧૭૧) સુધીનો કન્યાવાળાએ જમાડવો; એથી વધારે ગોરવ દેવો નહિ.

૧૪. વિદાયગીરીમાં છેલ્લી હદે કન્યાવાળાએ વરને રૂ. ૫૧) સુધી રોકડા આપવા અને રોકડા રૂપીયા નહિ આપતાં જણુસ આપવી હોય તો રૂ. ૭૧) સુધીની કીમતની આપવી, તે સિવાય વધારે આપવું લેવું નહિ; વિદાયગીરી વખતે વર તરફના માણુસોને આપવા સારૂ કન્યાવાળાએ વરવાળાને શ્રીફળ કોડી ૫) અગર પૈસા રૂ. ૫) સુધીના આપવા; વરવાળાને વધારે આપવાની જરૂર પડે તો પોતાના ઘરના શ્રીફળ અગર ટકા આપે અને તે વરવાળાએ દરેક માણુસને છેલ્લી હદે બે શ્રીફળ અગર ટકા બે સુધી આપવા.

૧૫. ગામડાવાળાને વિદાયગીરીના રૂ. ૩૧) સુધી રોકડા આપવા અને રોકડા રૂપીઆ નહિ આપતાં જણુસ આપવી હોય તો રૂ. ૫૧) સુધીની કિંમતની આપવી.

૧૬. દરેક મહિનાની બે આઠમો તથા બે ચૌદસો તથા એક અજવાળી પાંચમ એ રીતે પાંચ દીવસોએ કોઇ પણ બાબતનો જમણવાર કરવો નહિ; પરંતુ ઉપરની તારીખોએ લગ્ન હોય અથવા બીજા દીવસે લગ્ન હોય અને બહારગામ જાન જવાની હોય તો થોડું માણુસ જમાડે તેની હરકત નહિ તથા ઉપર લખેલા પાંચ દીવસોએ કોઇ જરૂરી કારણુસર પંચવલું જમાડવું હોય તો તેની હરકત નહિ, પરંતુ તે પંચવલું જમવા ગાજતે વાજતે જવું નહિ, ને પાંચ દીવસોમાં લીલોતરી વાપરવી નહિ.

૧૭. વરકન્યા પરણ્યા પછી, કન્યાને વરને ત્યાં મોકલવામાં આવે છે તેમાં પેહેલા આણે કન્યાને સાસરે વળાવે ત્યારે પંથવર હોય તો છેલ્લી હદે ઘેબર યા લાડવા મણ ૧) ૧) શેર સુધી તથા પગે

પડયાના રૂપિયા ૧૩) સુધી વરવાળાને કન્યાવાળાએ આપવા; બીજવર હોય તો ઘેબર અથવા લાડવા મણ ૦ાા૧ શેર સુધી તથા પગે પડયાના રૂ. ૯) સુધી આપવા. વરના બાપને બે સ્ત્રીઓ હોય તોપણ પગે પડયાના રૂપીઆ ઉપર મુજબ આપવા, ત્યાર પછી દરેક આણે તેથી ઉતરતું આપવું; ગામડાવાળાને ઘેબર અથવા લાડવા શેર ૨૧) સુધી અને પગે પડયાના રૂ.૭) સુધી પહેલે આણે આપવા ત્યાર પછીના આણે તેથી ઉતરતું આપવું.

૧૮. અમદાવાદમાંથી લગ્નની જાન બહાર ગામ જવાની હોય તે જાનમાં વેવાઇ વેવાણ સુદ્ધાંત ૫૧) માણુસથી વધારે વરવાળાએ લેઈ જવાં નહિ, તેમજ કન્યાવાળાને વધારે માણુસની માગણી વરવાળાએ કરવી નહિ.

૧૯. લગ્ન વખતે એટલે વરકન્યા પરણુતી વખતે ઘાટડી કન્યાને આપવાનો રીવાજ છે તેમાં ઘાટડી સીવાય બીજો કોઇ પણ જાતનો સાડલો આપવો નહિ. ખાસ ઘાટડી બદલ બીજો સાળુ આપવો હોય તો રૂ. ૪) સુધીની કિંમતનો આપવો તેથી વધારે કિંમતનો આપવો નહિ; લગ્નના બીજે દીવસે સાડલો બદલવાનો રીવાજ ચાલ્યો છે તે બંધ કરવામાં આવ્યો છે.

૨૦. લગ્નમાં ચાંલો કરવા જાય તેને તથા મોસાળામાં ચાંલો કરવા જાય તેને રૂપીઆના ટકા આપવા અને તે સિવાય ટકા બે આપવા; બેથી વધારે આપવા નહિ.

૨૧. વડીઓ મુકવા આવનાર તથા પાપડ વણુવા આવનાર બૈરાંને પતાસાં નહિ આપતાં રમકડાં બે સુધી આપવાં.

બાબ ૩ જો.

જમણવાર સંબંધી.

૧. વરાના જમણવાર એક દીવસે ત્રણથી વધારે કરવા દેવામાં આવશે નહિં.

૨. જે માણસને વરો અથવા ન્યાતનો જમણવાર કરવો હોય તેણે

ન્યાતના શેઠને ત્યાં નોંધાવવો; જે તારીખે વરાનો જમણવાર નોંધાયો હશે તે તારીખે બીજો કોઇ માણસ ન્યાતનો જમણવાર નોંધાવવા આવે તો ન્યાતનો જમણવાર નોંધવો અને વરાનો જમણવાર કરનારને પોતાની નોંધેલી તારીખ ફેરવવી પડશે, પરંતુ તેવા ન્યાતના જમણવારના નોંધ કરાવનારે વરાની જે તારીખ નોંધાઇ હોય તેના પંદર દીવસ પહેલાં આવીને નોંધાવવી જોઇશે.

૩. પાંત્રીસ વરસની અંદર જે માણસ ગુજરી જાય તેની પાછળ પુજનો કે કુંટુંબનો જમણવાર કરવો નહિ.

૪. ન્યાતના તથા વરાના જમણવારમાં છુટી દાળ કરવી નહિ પણ કઢી કરવાની છુટ છે. ન્યાત વરો, કે નોકારસી અગર બીજા કોઈ પણ જમણવારમાં ખાપટી કરવી નહિ.

૫. ઓપટીવાળાં બૈરાં ન્યાતના, યા વરાના, યા નોકારસીના જમણવારમાં જમવા આવે નહિ, પરંતુ જમાડનારનાં કુટુંબનાં બૈરાંને જમવા આવવું હોય તો બે પંગતો જમી રહ્યા પછી આવે.

૬. ન્યાતનો કોઇ માણસ વરો અથવા ન્યાત અથવા નોકારસીનો જમણવાર કરે તેને તેના વેવાઇએ છેલ્લી હદે પાઘડીના રૂ. ૧૭) સુધી આપવા.

૭. ઢુંઢીઆ ધર્મવાળાને ત્યાં જમવા જવાનો અગર તેને જમાડવાનો વ્યવહાર રાખવો નહિ પરંતુ આપણી ન્યાતમાં જેને ઘેર ઢુંઢીઓ ગુમાસ્તો હોય તે જમે તેની હરકત નહિ.

૮. વૈશ્નવ વીગેરે અન્ય દર્શનીને ત્યાં, તથા ઢુંઢીઆને ત્યાં જમમણવારમાં જમવા જવું નહિ પણ બીજે દીવસે બ્રાહ્મણ પાસે અગર આપણા રસોઇઆ પાસે રંધાવી થાળીઓમાં જમાડે તો ઢુંઢીઆ સીવાયને ત્યાં જમવું, પણ અન્ય દર્શનીને ત્યાં આપણી ન્યાતનો માણસ નોકર તરીકે હોય તો તે પંડે જમે તેની હરકત નહિ.

૯. જમણુવારમાં ન્યાતના વાસણો ન્યાતમાંથી આપવામાં આવે છે તે વાસણો ઉપયોગમાં આવે તેવાં આપવાં; થાળીઓ કાના ઉતાર આપવી નહીં, અને જમણુવાર કરનારને ત્યાં જે થાળીઓ કાના ઉતાર થાય તે થાળીઓ ન્યાતમાં પાછી લેવી અને ન્યાતના ખરચથી બદલાવવી; જે વાસણો જમણુવાર કરનારને ત્યાં ગેરવલ્લે જાય તેની કીંમત ચાલતા રીવાજ મુજબ લેવી; વાસણનું ભાડું વખતોવખત આગેવાનો જે જે વખતે જે ઠરાવ કરશે તે મુજબ લેવામાં આવશે; જમણુવારનું કામ પુરૂં થયા પછી તુરત દીન ૪ માં વાસણો પાછા પોહોંચાડી જવા ને તે પ્રમાણે પોહોંચાડવા જે કોઇ કસુર કરશે તેની પાસેથી દરરોજનો રૂ. ૧) અંકે એક વધુ લેવામાં આવશે.

બાબ ૪ થો.

ન્યાતની વાડીઓ વિષે.

૧. ચૌટાની નવી વાડીમાં ન્યાતના અથવા વરાના અથવા ગોરવના જમણુવાર કરે તેની પાસેથી વાડી દુરસ્ત કરામણીના રૂ. ૩) મુજબ લેવા.

૨. જુની વાડી હાજાપટેલની પોળમાં છે તે વાડીમાં ઉપર મુજબ જમણુવાર કરે તેની પાસેથી વાડી દુરસ્ત કરામણીનો રૂ. ૧ાા લેવો.

૩. પુજનો જમણુવાર કરે તેની પાસેથી ચૌટાની વાડીના રૂ. ૨) મુજબ લેવા, જુની વાડીનો રૂ. ૧) મુજબ લેવો.

૪. પ્રાણીનો કર તમામ જાતના જમણુવાર કરનાર પાસેથી આગેવાનો જે જે વખતે જે ઠરાવે તે મુજબ લેવો.

૫. નવી વાડીમાં ન્યાતનો જમણુવાર કરે તેની પાસેથી દેરાસરનું ઘી શેર ૨) લેવું. વરો કરે અથવા ગોરવનો જમણુવાર કરે અથવા પુજનો જમણુવાર કરે તેની પાસેથી ઘી શેર ૧ાા લેવું. જુની વાડીમાં ન્યાતનો જમણુવાર કરે તેની પાસેથી ઘી શેર ૧ાા

લેવું અને વરો કરે અથવા ગોરવનો જમણવાર કરે અથવા પુજનો જમણવાર કરે તેની પાસેથી ઘ' શેર ૧ા લેવું.

૬. શ્રાવકની બીજી ન્યાતવાળાને તથા કોઇ માહાજન કે જેમાં શ્રાવકનો સમુદાય હોય તેને વાડી જમણવાર કરવાને આપવામાં આવે તો નીચે મુજબ કર લેવો.

નવી વાડીના રૂ. ૬) તથા જુની વાડીના રૂ. ૩) વાડી દુરસ્ત કરામણીના લેવા તથા પાણીનો કર ન્યાતના રીવાજ પ્રમાણે લેવો. પુજના જમણવારમાં નવી વાડીના રૂ. ૪) તથા જુની વાડીના રૂ. ૨) લેવા અને દેરાસરનું ઘી ન્યાતના રીવાજ મુજબ લેવું.

૭. ન્યાતની વાડીમાં લગ્ન થાય તેનો વાડીનો કર તથા દેરાસરનો લાગો નીચે મુજબ લેવો.

જુની વાડીમાં તથા નવી વાડીમાં લગ્નની ચોરી બંધાય તો તેના દાપાના રૂ. ૪ાાــા લેવો, તેમાં રૂ. ૩ાા દેરાસરમાં આપવા તથા રૂ. ૧) ન્યાતમાં જમે કરવો તથા રૂ.૦)ــાા ગુમાસ્તાને આપવો.

૮. પોસાતી વીગેરે સ્વામીવત્સલના જમણવારનું ભાડું લેવું નહિ.

૯. શ્રાવક સિવાય બીજી ન્યાતવાળાને ન્યાતની કોઇ પણ વાડી જમણવાર કરવા આપવી નહિ. આપણી ન્યાત સિવાય બીજી કોઇ શ્રાવકની ન્યાતવાળાને જમણવાર કરવાની તારીખ પહેલાંના ચાર દીવસ અગાઉ વાડી ભાડે આપવી તેથી પહેલાં આપવી નહિ, અને તે મુજબ બીજી ન્યાતવાળાને વાડી અપાએલી બહાલ રહેશે અને તેમાં ન્યાતવાળાની તકરાર ચાલશે નહિ.

બાબ ૫ મો.

રોવા કુટવા વીગેરે બાબત.

૧. કોઇ પણ માણસ ગુજરી જાય તેની કાણો માંડવાની બાબતમાં પુરૂષ ગુજરી ગયો હોય તો તેના સાસરાની તથા તેના સગા

મોસાળની કાંણુ આવે, કદાપી તેના સગા મોસાળમાં કોઈ ન હોય તો મોસાળ તરફની એકજ કાંણુ બીજે ઠેકાણેથી આવે, અને સ્ત્રી ગુજરી ગઇ હોય તો તેના સાસરાની અથવા તે ગુજરનારનાજ પોતાના પીએરની કાંણુ આવે તે સિવાય મોસાળની બીજી કોઇ કાંણુ આવે નહિ, પરંતુ સ્ત્રીના પીએરમાં કોઈ ન હોય તો તેના પીએર તરફની એકજ કાંણુ બીજે ઠેકાણેથી આવે. કુંવારી છોકરી કે છોકરો ગુજરી ગયો હોય તો તે છોકરી કે છોકરાના પોતાનાજ મોસાળની કાંણુ આવે તે સિવાય કોઇ પણ કાંણુ આવે નહિ.

૨. મરનારની લાશ રાત્રે બાળવાની ન હોય તો કાંણો રાત્રે મરનારને ત્યાં લઈ જવી નહિં.

૩. કોઇ માણસ બહારગામનું બહારગામ ગુજરી ગયું હોય તેની કાંણુ માંડવામાં આવે તેમાં પુરૂષોએ નદીએ નહાવા નહિ જતાં પોળેથી વેરાઇ જવું, પરંતુ શહેરનું રહીશ બહારગામ ગુજરી ગયું હોય તો પુરૂષો નદીએ નહાવા જાય તેની અડચણ નહિ.

૪. સુતક મરણ થયાની તારીખથી પાંચ દીવસની અંદર કાઢવાં નહિં પરંતુ અગત્યના કારણ સર પાંચ દીવસની અંદર ન્યાતના શેઠની પરવાનગી લેઇ સુતક કાઢી શકાશે.

૫. મરણ પાછળ પુરૂષનું પથરણું સુતક કાઢતાં સુધી રાખવામાં આવે છે તે એક વખતનું સવારનું રાખવું; બૈરાંનું પથરણું માસ ૧) સુધી મ્હોં ખમાવવા સુધાંતનું રાખવું એથી વધારે રાખવું નહિં.

૬. મરણની પાછળ શુભ ખાતે જે રકમ કહેલી હોય તેની ચોથ પાલીતાણાના ખોડા ઢોરની જે શખ્શને ત્યાં ભરવાનું ન્યાતે ઠરાવેલું હોય તેને ત્યાં ભરી આવી તેની પહોંચ ન્યાતના જોશીને આપેથી જોશીએ પુજ ધોવરાવવી અને છેવટમાં ચોથના રૂપીયા ૧૨૫) ભરવાની હદ છે.

૭. મરણના કારણમાં કોઈ પણ સ્ત્રીએ કોઇ પણ વખતે ઉઘાડી છાતીએ કુટવું નહિં.

૮. મરણ થએલા માણસની લાશ જે દીવસે બાળવામાં આવે તે દીવસે બૈરાંએ કુટવું પરંતુ તે પછી કુટવું નહિં.

૯. શહેરનું રહીશ બહારગામ ગુજરી ગયું હોય તો તેની કાંણ જે દીવસે તેને ત્યાં માંડે તેજ દીવસે કુટવું તે પછીના કોઇ પણ દીવસે કુટવું નહિં.

૧૦. જે વીધવાએ વેશ રાખેલો હોય તે વીધવા જ્યારે વેશ ઉતારે ત્યારે વેશ ઉતાર્યાની ક્રિયા કરી રહ્યા પછી તે દીવસે બીજી વખતે તથા તે પછીના દીવસોએ બૈરાંઓએ ઉભા રહી કુટવું નહિ.

૧૧. પથરણું જેને ઘેર મુકવા જાય તે વખતથી તે પથરણું મુકતાં સુધીના વખત સિવાયના બીજા કોઇ પણ વખતે બૈરાંઓએ ઉભા રહી કુટવું નહિં.

૧૨. મરણના દીવસ સિવાયના બીજા કોઇ દીવસે પથરણું રાખતાં સુધીમાં કોઇ કાંણે આવે તે કાંણે આવનાર બૈરાં પથરણા વાલાની પોળેથી કાંણની ક્રિયા કરતાં આવે તો તે કાંણ પુરી થતાં સુધીના વખતે કુટવું; તે સિવાયના બાકીના કોઇ વખતે કુટવું નહિ.

૧૩. કોઈ પણ શખસનું મૃત્યુ થાય તે વખતે આપણામાં પાઘડીઓ અભડાવવામાં આવે છે તે બાબતમાં મૃત્યુવાલાને ત્યાંથી તથા તેને ઘેર જેની કાંણો આવવાની હોય તેને ત્યાંથી એ રીતે દરેકને ત્યાંથી બે પાઘડીઓ સુધી અભડાવવાની છૂટ છે. વધારે પાઘડીઓ અભડાવશે તે ન્યાતનો ગુન્હેગાર થશે.

બાબ ૬ ઠો.

એક ઓરત ઉપર બીજી ઓરત કરવા વીગેરે બાબત.

૧. કોઇ પણ પુરૂષે એક ઓરત હયાત છતાં બીજી ઓરત ન્યાતની પરવાનગી શિવાય કરવી નહિ.

૨. હયાત ઓરતની પચીસ વર્ષની ઉમર થયા પછી અથવા પહેલાં બીજી ઓરત કરવાની પરવાનગી માગનારને નીચે લખેલાં

કારણો ધ્યાનમાં લેઈ તથા તપાસ કરી પરવાનગી આપવા ન્યાત મુખત્યાર છે.

(ક) બીજી ઓરત કરવાની પરવાનગી માગનાર પોતાની ઓરત સાથે સંસાર વ્યવહારથી યોગ્ય મુદ્દત સુધી વર્તેલો હોવો જોઇએ અને યોગ્ય મુદ્દત કોને કહેવી તેનો દરેક કામની હકીકત ઉપર આધાર રહેશે.

(ખ) પરવાનગી માગનારની ઓરત ગાંડી છે અગર ઘરસંસાર ચલાવવા લાયક નથી અગર સંસાર વ્યવહાર રાખવાથી જોખમ ભરેલું છે તેની રજા માગનારે ખાત્રી કરી આપવી પડશે.

(ગ) સ્ત્રી સંસાર વ્યવહાર તજી છે એટલે તેણીએ ચોથું વૃત ઉચર્યું છે એમ હોય તો તે બાબતની રજા માગનારે ખાત્રી કરી આપવી પડશે.

(ઘ) ઉપર બતાવેલી હકીકતોને અભાવે સ્ત્રીની ત્રીસ વરસની ઉમર થઈ ગઈ હોય અને પુત્ર સંતાન નહોય તેની રજા માંગનારે ખાત્રી કરી આપવી પડશે.

૩. ઉપર મુજના કારણોનો તપાસ કરી યોગ્ય લાગશે તો પુરૂષને બીજી ઓરત કરવાની પરવાનગી આપવા ન્યાત મુખત્યાર છે; પરંતુ પરવાનગી આપતાં પહેલાં તેની પાસેથી પ્રથમની હયાત ઓરતના પલ્લાનો તથા ખોરાકી પોષાકીનો તથા રહેવાના મકાન તથા યાત્રા તથા રાચરચીલા વીગેરેનો બંદોબસ્ત કરવો જોઇશે. આવા પ્રસંગે ખોરાકી પોષાકીની રકમ દર સાલની રૂ. ૧૦૦) સુધી અને તેથી વધારે નહિ તેવી રકમ ન્યાતની ધ્યાનમાં આવશે તે ઠરાવવામાં આવશે.

૪. ન્યાતની પરવાનગી લીધા સિવાય એક ઉપર બીજી ઓરત કોઇ પણ પુરૂષ પરણશે તો તેની ખબર પડેથી તુરત તે પરણનારને તથા કન્યા આપનારને ન્યાતના શેઠ ન્યાતના વ્યવહારથી દૂર કરશે, તથા તે પ્રમાણે બીજી ઓરત કરનારને વરસ

પાંચ સુધી ન્યાતના વ્યવહારથી દૂર રહેવું પડશે તથા રૂ. ૧૦૦૦) ગુન્હેગારીના આપવા પડશે પરંતુ ઉપર બતાવેલી પાંચ વરસની મુદતની અંદર અથવા પછી ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાને તે અરજ કરશે અને ન્યાતને યોગ્ય કારણ જણાશે તો ગુન્હેગારીનો આંકડો ન્યાતની ધ્યાનમાં આવશે તેટલો ઠરાવી તેને ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાને ન્યાત મુખત્યાર છે તથા કન્યા આપનારની ગુન્હેગારીનો આંકડો તે શખ્સે ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાની અરજ કરેથી ન્યાતને યોગ્ય લાગશે તેટલો ઠરાવીને તેને ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાને ન્યાત મુખત્યાર છે.

૫. જે કોઇ પુરૂષ વીવાહ થએલી કન્યા એટલે સવેલી કન્યા પરણશે તે પરણનારને તથા કન્યા આપનારને તેમ થયાની ખબર મળેથી ન્યાતના શેઠ ન્યાતના વ્યવહારથી દૂર કરશે અને તે અગર તેઓને પાંચ વરસ સુધી ન્યાતના વ્યવહારમાં દાખલ કરવામાં આવશે નહિ અને એવું કર્તવ્ય કરનારે ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાની અરજ કરેથી ન્યાતને યોગ્ય લાગશે તેટલી રકમ એટલે રૂ. ૧૦૦૦) સુધીની રકમ ગુન્હેગારીની લેઈ તેને ન્યાતના વ્યવહારમાં દાખલ કરવાને ન્યાત મુખત્યાર છે.

૬. કોઈ પણ પુરૂષ વિધવા ઓરતની સાથે પોતાનું લગ્ન કરશે એટલે પુર્નલગ્ન કરશે તેને અને તે ઓરતને તેમ થયાની ખબર પડેથી તરત ન્યાતના શેઠ હમેશને માટે ન્યાતના વ્યવહારથી દૂર કરશે.

૭. કોઇ પણ પુરૂષ પરન્યાતની કન્યા લાવશે અથવા પરન્યાતમાં કન્યા આપશે તથા ઢુંઢીઆની કન્યા લાવશે તથા ઢુંઢીઆને કન્યા આપશે તેને તેમ થયાની ખબર પડેથી ન્યાતના શેઠ ન્યાતના વ્યવહારથી દૂર કરશે.

૮. ઉપર લખ્યા મુજબ ન્યાતની પરવાનગી સિવાય બીજી ઓરત કરવાના કામમાં તથા સવેલી કન્યા પરણાવવાના કામમાં તથા પુર્નલગ્ન કરાવવાના કામમાં તથા પરન્યાતની કન્યા લાવવાના

તથા પરન્યાતમાં કન્યા આપવાના કામમાં તથા ઢુંઢીઆની કન્યા લાવવાના તથા ઢુંઢીઆને કન્યા આપવાના કામમાં જે કોઇ શખ્સ સામેલ રહેશે અગર મદદગારી કરશે તે ન્યાતનો ગુન્હેગાર થશે.

૯. કોઈ પણ માણસ કન્યા વિક્રય કરશે એટલે કન્યાના ખાવા લેશે તે ન્યાતનો ગુન્હેગાર થશે.

૧૦. કોઇ પણ પુરૂષને તેની ઓરત પોતાની પચીસ વરસની ઉમર થયા બાદ અથવા તે પહેલાં રાજીખુશીથી બીજી ઓરત કરવાની રજા આપે તો તેના પલ્લાના તથા ખોરાકી પોષાકી વીગેરેના બંદોબસ્તનો દસ્તાવેજ શેઠને ત્યાં રજુ થયેથી બીજી ઓરત કરવાની યોગ્ય કારણની ખાત્રી કરી ન્યાતના શેઠ રજા આપશે અને તેની સાથે તે ઓરતે પોતાની રાજીખુશીથી રજા આપી છે તેવી તેઓ સંપુર્ણ રીતે ખાત્રી કરી લેશે.

૧૧. જે ઓરતના ધણીને બીજી ઓરત કરવાની પરવાનગી આપવામાં આવે તે આંધળી હોય અથવા અપંગ હોય અથવા પોતાનું ઘર કામકાજ કરવાને અશક્ત હોય તેની ખોરાકી પોષાકીમાં ઉપર બતાવેલી રૂ. ૧૦૦) સુધીની જે રકમ ઠરાવવામાં આવી હોય તે ઉપરાંત ન્યાતને યોગ્ય લાગશે તેટલી રકમ તે ઓરતના ધણી પાસેથી તેણીને અપાવશે.

૧૨. જે માણસ એક ઓરત ઉપર બીજી ઓરત કરે તેની પ્રથમની ઓરતનું જેટલું પલ્લું હોય તેમાં છેલ્લી હદે રૂ. ૮૦૧) સુધીનો વધારો કરવો અને એકંદર જે રકમ થાય તેમાંથી આઠ આનીની રકમના દાગીના પ્રથમના તેણીની પાસે તે વખતે જે હોય તે સુદ્ધાંતના હીસાબે કરાવી આપવા અને બાકીની આઠ આનીની રકમ વર તથા કન્યાના નામથી જમે કરાવવી ને એ રકમનું જે વ્યાજ ઉત્પન્ન થાય તે મુડીમાં વધે, પરંતુ પલ્લાના દાગીના ભાગે તુટે તે રીપેર કરાવવાના ઉપયોગમાં તે વ્યાજની ઉત્પન્ન થએલી રકમ લેઇ શકાશે તથા કોઈ કારણસર ઓરતની ખોરાકી પોષાકીમાં અડચણ પડે અને ખોરાકી પોષાકીનું બીજું

કોઈ રીતનું સાધન ન હોય તો વ્યાજની રકમમાંથી ખોરાકી પોષાકીના ઉપયોગમાં લેઇ શકાશે. વ્યાજની રકમથી પણ ખોરાકી પોષાકી પુરી ન થઇ શકે તો મુડી જ્યાં જમે કરાવી હોય ત્યાંથી મુડીની રકમમાંથી અમુક રકમ તેણીને અપાવવા સારૂ તેણીના ધણીને ન્યાત ફરજ પાડી શકશે.

૧૩. એક ઓરત ઉપર બીજી ઓરત કરનારે પોતાની પ્રથમની ઓરતને પહેરવા સારૂ ઉપર લખ્યા પ્રમાણે જે દાગીના કરાવી આપ્યા હશે તેં દાગીના તેણીએ પોતાની ખોરાકી પોષાકીની રકમ લેતી વખતે તેના ધણીને અથવા તેના વાલીવારસ, જે ખોરાકી પોષાકી આપે તેને તેણીએ બતાવવા પડશે. દાગીના બતાવ્યા સિવાય ખોરાકી પોષાકીની રકમ માંગવાને તે હકદાર થશે નહિ. કન્યાવાલા તરફથી જે પહેરામણી આપવામાં આવે છે તે તથા વરવાળા તરફથી ઉમેરીને એકંદર પલ્લુ કરવામાં આવે છે તે રકમ અગર તેના દાગીના સ્ત્રીધન એટલે તે સ્ત્રીની ખાસ મીલકત ગણાશે નહિ અને તે ઉપર તેના ધણીની દેખરેખ રહેશે અને ખોરાકી પોષાકી વીગેરેમાં અને સ્ત્રીને પહેરવાના દાગીનાના કામમાંજ તેનો ઉપયોગ કરવામાં આવશે. કોઈ પણ સ્ત્રીથી પોતાના પલ્લાના દાગીનાની યા અવેજની વ્યવસ્થા કરી શકાશે નહિ અથવા તેણીનો તેમ કરવાનો કાંઈ પણ હક રહેશે નહિ.

બાબ ૭ મો.

જોશીઓની બાબત.

ન્યાતના જોશીઓના વીવાહ તથા લગ્ન વીગેરેના લાગા યા દસ્તુરી નીચે મુજબ.

૧. વીવાહ કરતી વખતે રૂ. ૬-૮-૦, ને પંચાવન પૈસા જોશીને આપવાના તેમાં રૂ. ૬) જોશીના તથા રૂ. ૦ાા જોશી શીવ-

શંકરનો તથા પંચાવન પૈસા પૈકી પૈસા ચૌદ મહાલક્ષ્મી માતાના તથા પૈસા છ ગુમાસ્તાના તથા પૈસા પાંચ શ્રીફળ સાથે આપવાના તથા પૈસા ત્રીસ જોશી પાંચના ટકા બે લેખેના જોશીઓને લેવાના.

૨. લગ્ન લેવા જાય તે વખતે રૂ. ૪)ના વર તથા કન્યાવાલા દરેક જણે જોશી શીવસંકરને ત્યાં ભરવા અને તે રૂપીયા ૮ાને ની રકમનો ફોડ નીચે મુજબ—

રૂ. ૬) ન્યાતના જોશીઓના.
રૂ. ૧) જોશી શીવસંકરનો.
રૂ. ૧) ખોડા ઢોરનો.
રૂ. ૦ાને લગ્નની ચીઠીઓ લખામણના જોશી શીવસંકરના.

૩. માણેકસ્થંભ રોપવાના એટલે ગણેશ બેસાડવાના જઈ ૩) મુજબ વરવાળો તથા કન્યાવાળો દરેક જોશીને આપે.

૪. વરકન્યાને પરણાવતી વખતે વરવાળાએ તથા કન્યાવાળાએ દરેકે જોશીને રૂ. ૧ા પ્રમાણે આપવો.

૫. ચોરી બંધામણીના તથા ચોથા મંગળની ઘાટડીના મલી જઇ ૮) મુજબ વરવાળો તથા કન્યાવાળો દરેક જોશીને આપે.

૬. છાબમાં ટકા ૫૧) સુધી મુકયા હોય તો જોશીને વરવાળો તથા કન્યાવાળો દરેક ટકા ૫) મુજબ આપે અને તે ઉપરાંત ટકા ૧૦૧) સુધી છાબમાં મુકયા હોય તો વરવાળો તથા કન્યાવાળો દરેક ટકા ૧૦) મુજબ જોશીને આપે.

૭. કન્યાવાળાને ત્યાં એકીબેકી રમતી વખતે કન્યાવાળો જઈ ૭) જોશીને આપે ને વરવાળાને ત્યાં એકીબેકી રમતી વખતે વરવાળો જઇ ૭) જોશીને આપે.

૮. બહાર ગામ જાન જવાની હોય તેના ગણેશ બેસાડે તેનો રૂ ૦ાા ને જઈ ૩ જોશીને વરવાળો આપે અને જોશી શીવસંકરને ત્યાં લેવાય છે તે મુજબ જોશી શીવસંકરને આપવું.

૯. મરણ વખતે ઉઠમણું કરાવવામાં આવે ત્યારે જોશીને જઇ ૩ આપવા.

૧૦. સુતક કહાડે અને પુજ ધોવરાવવામાં આવે ત્યારે એક છાબડી હોય તો જોશીને જઇ ૨૧) આપવા અને એકથી વધારે છાબડી હોય તો જેટલા રૂપીઆ છાબડીના બહારના આવ્યા હોય તેટલા ટકા જઇ ૨૧) ઉપરાંત વધારે આપવા.

૧૧. વીવાહ થયા પછી અથવા લગ્ન થયા પછી જોશીને ભુરસી દક્ષિણા અથવા સરપાવ તરીકે પોતાની ખુશીથી કોઇ આપે તો તેમાં ન્યાતની મનાઈ નથી, પરંતુ વીવાહ કરતાં પહેલાં ઉપર મુજબના લાગા ઉપરાંત કાંઈ પણ રકમ જોશી લે અથવા લેવાનો ઠરાવ કરે અને પાછળથી લે તો જે રકમ જોશીએ લીધી હોય તેના રૂ. ૧) કે રૂ. ૨) મુજબ ગુન્હેગારીના જોશીએ આપવા પડશે.

૧૨. બીજ વરમાં શોક પગલા બદલ જોશીને વર તથા કન્યાવાળા દરેકે જઇ ૭) મુજબ લગ્ન થતી વખતે આપવા.

બાબ ૮ મો.

પરચુરણ બાબતો.

૧. જે સખસની ગુન્હેગારી ઠરાવવામાં આવે તેના ન્યાતના રીવાજ મુજબ જામીન લેવામાં આવશે, પરંતુ ન્યાતના કોઈ પણ આગેવાને જામીન થવું નહી.

૨. આગેવાનો હરકોઇ તકરારનો અગર હરકોઇ કામનો નીવેડો કરવાને સારૂ વીચાર કરવા ઉઠે તેવે પ્રસંગે આગેવાન પૈકી કોઈ પણ આગેવાનને પોતાને લગતી તકરાર હોય તેમાં તે ધારવા ઉઠી શકશે નહીં.

૩. ન્યાતના ઉપરના જે જે ધારાઓમાં તેના ભંગ બદલની ગુન્હેગારી ઠરાવી નથી તે તે ધારાના ભંગ બદલ ન્યાતને યોગ્ય લાગશે તે પ્રમાણે ગુન્હેગારી ઠરાવવા ન્યાત મુખત્યાર છે.

કેળવણી બાબત.

૪. ન્યાતની વાર્ષીક આવકમાંથી દર સાલ રૂ. ૫૦૧) મુજબ કેળવણીમાં આપવા.

૫. દર વીવાહ દીઠ વરવાળા તથા કન્યાવાળા દરેક પાસેથી રૂ. ૨) મુજબ વીવાહ કરતી વખતે જોશીએ લેવા અને જોશીએ તે તુરત ન્યાતમાં ભરી દેવા.

૬. દર લગ્ન દીઠ વરવાળા તથા કન્યાવાળા દરેક પાસેથી રૂ. ૫) મુજબ લગ્ન થતી વખતે એટલે ચોરીમાં જોશીએ લેવા અને જોશીએ તે તુરત ન્યાતમાં ભરી દેવા.

૭. જે સખસ ન્યાતમાં નોંધાવી વરો કરે તેની પાસેથી રૂ. ૧૦) લેવા.

૮. જે સખસ ન્યાત કરે તેની પાસેથી રૂ. ૧૫) લેવા.

૯. જે સખસ નોકારશી કરે તેની પાસેથી રૂ. ૨૫) લેવા.

૧૦. ઉપર કલમ ૫, ૬, ૭, ૮ અને ૯ માં લખેલા રૂપીયા લેઇ કેળવણી ખાતે આપવા.

વિલાયત યાને પરદેશગમન સંબંધી.

૧૧. વિલાયત અગર બીજા તેવા દેશોમાં જે કોઇ ગમન કરશે તેની પાસેથી રૂ. ૩૦૦) અંકે ત્રણસો મુજબ દરેક વખતે લેવામાં આવશે, અને તે રૂપીયા કેળવણીખાતામાં અગર બીજા કોઇ ખાતામાં ન્યાતને યોગ્ય લાગશે તેમાં વાપરવામાં આવશે. ઉપરાંત તેણે પાલીતાણાની જાત્રા કરવી જોઇશે તથા પુજા ભણાવવી પડશે.

સામાન્ય બાબત.

૧૨. ઉપરના તમામ ધારાઓ વખતો વખત ફેરફાર કરવા અગર તેમાં ધારો વધારો કરવા ન્યાત મુખત્યાર છે.